
૧૦૮

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# ગામડામાં મળજે

16000 67



સંપાદન:
ગિજુભાઈ
•
તારાબેન

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૨૧ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ગામડામાં મળજો

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ
૧૫
બાલમંદિર

☆

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૫ પચાસ પૈસા

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાભાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અનુક્રમ

| | |
|---|---|
| રઘો પટેલ | ૩ |
| મેઘો સોની | ૮ |
| પૂની ભરવાડણ | ૧૧ |
| ટીડો મીણિયો | ૧૩ |
| ગંગો કુરો | ૧૯ |
| રૂડી કોળણ | ૨૩ |
| પ્રાગો ખોખરી | ૨૭ |
| રતનો ભગત. | ૩૦ |

કુલ નકલ ૧૩,૧૮૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૨૩૫

બીજી આવૃત્તિ
પાંચ મુદ્રણો
૬૮૦૦ નકલો

છઠ્ઠું મુદ્રણ
૧૧૫૦ નકલો
તા. ૪-૩-૬૫

# ગામડામાં મળજો

—·*·—

## રઘો પટેલ

રઘો પટેલ ગામનો પટેલિયો; પચાસ સાંતીનો ધણી.

ઘરે પાંચદસ તો સાથી; બેપાંચ ઘોડાં, દસ-વીસ ભેંશો ને પંદર જોડી બળદો.

પટેલને ઘેર ત્રણ પેઢીની પટેલાઈ. વરસે વરસે

દરબારી પાઘડી રઘો પટેલ પહેરે. મુખી તો કે' રઘો પટેલ; પંચમાં તો કે' રઘો પટેલ; નાત-જાતમાં તો કે' રઘો પટેલ પહેલા.

રઘો પટેલ સાત છોકરા ને ત્રણ છોકરીનો બાપ. રામો, વીસો, રૂપો, ભીમો, માવો, લાખો ને તેજો એના દીકરા, અને રૂડી, અવલ ને નાની એની છોકરીઓ.

રઘા પટેલને ઘેર ગેમે. બાપનો બાપ હજી જીવે. બાપ તો જાણે બાર વરસના; ખપ હોય તો રાતે વાસુ પણ જાય. દાદી મા પણ એવાં કે કોઈ ન હોય તો પાંચ ભેંશને દોહી દે; ને પટલાણી તો જાણે વોડકું.

પટેલના ઘરમાં જ પચીસ જણાં. વળી વધારામાં સાથી. વખતે વળી બે મહેમાન પણ આવ્યા હોય.

પટલાણીને પચીસ પચાસ રોટલા ઘડતાં શી વાર? એક પાલીના બે રોટલા. આ....ને મજાના ગાડાના પૈડા જેવા રોટલા! પૂરો એક

ગેમે = આનંદકલ્લોલ.

ને અરધો ખાય ત્યાં તો પેટ ભરાઈ જાય.

પ્રાગડવાશામાં રઘા પટેલ ઊઠે ને હાકલો કરે : "એ રામા, સાદુળ, ભગા ઊઠજો; નીરણ વખત થયો. એલા દેવા ! બળદને ઘરમાં નાખ, ઘરમાં. એલા પટલાણીને કે' કે ભેંશો દોઈ લે."

ફળિયામાં તો ચારે કોર કામ કામ થઈ રહે. આણીકોર છાણાં થપાતાં હોય, આણીકોર ગાડાં જોડાતાં હોય, આણીકોર રઘો પટેલ પોતાની ઘોડી ઉપર પલાણ નાખતા હોય ને આણીકોર ભેંશો દોહવાતી હોય. ઘરમાં જોઈએ તો ઘમર ઘમર છાશ થતી હોય. ને રાંધણિયામાં ટપાક ટપાક રોટલા ઘડાતા હોય.

ખેડૂતનું ઘર. કોઈને શિરાવીને ખેતરે જવાનું; કોઈને સીમાડે જવાનું; કોઈને સુતારને ત્યાં હળ સમું કરાવવા જવાનું; કોઈને લુહારને ત્યાં ખીલો નખાવવા જવાનું. કોઈ નવરું ન મળે.

રઘો પટેલ તો કેટલાં યે કામનો રઘવાયો. રોટલો ને દૂધ ખાઈને ઘોડી ઉપર રાંગ વાળે તે પાંચદસ ખેતર ફરી આવે. ચોરે આંટો મારે;

પ્રાગડવાશામાં = મળસ્કે. રઘવાયો = હાંફળોફાંફળો.

ગામના હવાડાકૂવા જોઈ આવે; કોઈની રાવફરિયાદ પણ સાંભળતો આવે.

બપોર થાય. પટલાણી સાથીઓને અને દીકરાઓને ભાત મોકલે. વહુવારુઓ માથે ભાત લઈ ખેતર ઊપડે ને ખેતર જઈ ભાત ખવરાવે.

બપોર વખતે પટેલ આડે પડખે થાય. પાંચ પટેલિયા પૂછવાગાછવા આવે તો સલાહબલાહ આપે.

પટલાણી રાંધવા માટે કાં તો થૂલી ઓધાવે ને કાં તો મગ ભરડી ખીચડી ભેળવે.

સાંજ પડે. દીકરા ને સાથીઓ ખેતર ભણીથી પાછા આવે. હળ હળને ઠેકાણે મૂકે; બળદને ગમાણે બાંધે; નીરણપાણી કરી દેવદર્શને જાય.

વાળુવેળા થાય. પટેલનું કહળ્યું પચીશ માણસનું કટમ; ખીચડી ને રોટલાં ને દૂધ ધરાઈ ધરાઈને ખાય.

પટલાણી સાથીને દીકરા જેમ હેત કરીને ખવરાવે. પટેલ ખેતરપાદરના ખબરઅંતર પૂછે. ગામના નવા નવા ખબર આપે. કોણે ક્યાં જવું

કહળ્યું = કુશળ; સુખી. કટમ = કુટુંબ.

ને કોણે શું કરવું એનું કહી દે.

વાળું થઈ રહે. હોકલી બીડીઓ જગવી પટેલિયા વાતોએ વળગે. દાદા હોકો સળગાવી જૂની વાતો કરે. દાદી બજર દેતાં નાનપણને સંભારે. પટલાણી ઢાંકોઢૂંબો કરે ને ખાટલાગોદડાં પાથરે. દસ વાગે સૌ સૂઈ જાય.

સોપો પડે. ઢોર માથું હલાવી નીરણ ખાતાં હોય, દિવસ આખો થાકેલા પટેલિયા ઘોરતા હોય ને રાત વહી જતી હોય.

ઢાંકોઢૂંબો=સમુંનમું; ઠીકઠાક.
સોપો પડવો=પહેલી રાત્રિની શાંતિ પથરાવી તે.

# મેઘો સોની

મેઘો સોની સંવારમાં ઊઠે; જમણો હાથ જુએ ને પથારીમાંથી ઊભો થાય.

મેઘો સોની વૈષ્ણવ હતો. નાહી ધોઈ ઠાકોરજીની પૂજા કરે. તિલક કરી માળા ફેરવે.

પરવારીને સોની દુકાને આવે. દરવાજાનાં પાટિયાં કોરે કરે, ઊંબરાને પગે લાગે ને હાટ ઉપર ચડે.

સાવરણી લઈ હાટ બધું વાળી નાખે. સમાણી ને ચીપિયો, જતરડો ને હથોડી સરખાં કરીને મૂકે. છાણું સળગાવી દેવતા પાડે ને ઘાટ ઘડવા બેસે.

કુલડીમાં સોનું મૂકે. એકાદ બે દવાનો ભેળ કરે ને ભઠ્ઠીમાં ચડાવે. એક છાણું હેઠે, ત્રણ છાણાં

હાટ = દુકાન.

ત્રણ કોર ને એક છાણું ઉપર; ઈ સોનાની ભઠ્ઠી: અરધું માટલું કાપેલું ને એમાં રાખ ભરેલી; એની ઉપર આ ભઠ્ઠી.

મેઘો સોની ફૂંકણી લઈ ગાલ ફુલાવી ફૂંકે. આંખો મોટી મોટી થઈ જાય; કપાળે પરસેવો આવે ને શ્વાસ ખૂબ ઘૂંટાય. પણ ફૂંક તો એવી નીકળે કે છાણાના ત્રણ કટકાનો તાપ સોનું ગાળે. તાપ લાલ લીલો એવો ચાલે કે જોયા જેવો!

સોનું ત્રાંબા જેવું લાલ લાલ થઈ જાય. ચીપિયે પકડી કટકાને બહાર કાઢે ને એરણ ઉપર ટીપે: ટપ, ટપ, ટપ.

સવારથી સાંજ સુધી મેઘો સોની કામકાજ કર્યા કરે. કાં તો સોનું ટીપતો હોય, કાં તો નથમાં મોતી બાંધતો હોય, કાં તો કાંબીઓ ને કડલાં ઉજાળતો હોય ને કાં તો કંદોરાના વાળા ખેંચતો હોય.

દેવો મહારાજ આવે ને કહેશે: "મેઘા ભાઈ! આ મણકીના કાનમાંથી ટીબકી કાઢી દેજે; મહીં ખૂંચી ગઈ છે."

દેવો મહારાજ મેઘા સોનીના ગોર. એના કાંઈ

પૈસા લેવાય ?

ગુલાબ કાકા નીકળે ને કહેશે : " મેઘજી ! આ સમુના હાથમાં બંગડી ચડાવી દેજો. "

ગુલાબ કાકા નગરશેઠ. એમને કાંઈ ના પડાય ?

ચાંદભાઈ નીકળે. " અબે મેઘજી ! આ લાકડીની ખોળી નીકળી ગઈ છે તે જરા ડાલ દો. " મિયાંભાઈને કોનાથી ના કહેવાય ?

મેઘા સોની ઘડતા જાય; ઘરાક સાચવતા જાય, નાતો રાખતા જાય ને મીઠે મોઢે બધું કામ કરતા જાય.

સાંજ પડે ને દર્શનવેળા થાય. મેઘા સોની હાટ વધાવે ને ઘર ભણી વળે.

મેઘા સોની આધેડ હતા. ચાર છોકરાંના બાપ હતા. બધી રીતે સુખી હતા. સારા એવા વૈષ્ણવ હતા. ગઈ સાલ ગુજરી ગયા.

હાટ વધાવે=સાંજે દુકાન બંધ કરે.

# પૂની ભરવાડણ

પગમાં કાંબી ને કાને ટોટી; કેડે થેપાડું ને ડિલે લોબડી; માથે ઈંઢોણી ને ઉપર બોઘડાં. સાંજ પડે, ઝાલરવેળા થાય ને પૂની ભરવાડણ મલપતી મલપતી આવે. "એ....હાલજો વહુ, દૂધ લેવા."

ભગવાનજી દાદા ઓશરીએ બેઠા બેઠા કહેશે "એ વહુ ક્યાં ગયાં? આ પૂની ભરવાડણ આવ્યાં છે. દૂધ લઈ લ્યો."

ઘૂમટો કાઢી વહુ ઘરમાંથી બહાર આવે. કળશો ધોઈ, નિતારી પૂની સામે ધરી રાખે. એક પાશેરો, બે પાશેરા, ત્રણ પાશેરા; પૂની સવા શેર દૂધ ભરે.

વહુ કહેશે: "પૂનીબા! જરા વધારે તો ઉમેરો!"

પૂની કહેશે : “ લ્યો, અમારાં નાની વહુ તો ભારે લાગે છે ! ”

ઓશરીએથી દાદા બોલે : “ વહુ ! દૂધ ઢાંકીને મૂકજો. ”

પૂની ટાપશી પૂરે : “ હા વહુ ! ઢાંકીને મૂકજો. દૂધ ઉઘાડું ન રાખીએ; ગરળ પડતાં વાર ન લાગે. ”

પૂની બોઘડું માથે ચડાવે. “ સવારનું પોણા બશેર ને અત્યારનું સવા શેર; ત્રણ શેરનું દનૈયું આજ થયું. હૈયે રાખજો, હો ? ”

દાદા કહેશે : “ એ પૂની ! દૂધ કાં'ક મોળું કેમ આવે છે ? બકરાના દૂધનો ભેગબેગ તો નથી કરતાં ના ? ”

પૂની કહેશે : “ અરે હોય દાદાજી ! ઈ વાત બોલશો મા. નકરું ગાયનું દૂધ છે. આ રાત જેવું ધોળું છે. ખોટું બોલું તો ભગવાન પૂછે. ”

રાત પડી જાય. પૂની ભરવાડણ બધાં ય ઘરાકને ઘેર દૂધ દઈ પાછી વળે.

ગરળ = ગરલ; ઝેર.

# ટીડો મીણિયો

ટીડો મીણિયો એકો હાંકતો.

એકો એટલે એક બળદની ગાડી. ગામડામાં હજી એકા ચાલે છે. ટીડાનો એકો સારો ગણાતો. સારો એટલે અરધે રસ્તે ભાંગે નહિ એવો; સારો એટલે બળદ સોજો, મારે નહિ એવો; સારો એટલે એક ઉપરનું પાલું સારું, ફાટલું તૂટલું નહિ એવો.

એકા ને બળદ કરતાં એનો હાંકનારો વધારે સારો હતો. ટીડો જાતનો કાળી હતો, પણ એનામાં કોળીનો વા નહોતો. ટીડો ધરથી વાણિયાબ્રાહ્મણના પાડોશમાં રહેલો; એના જેવો જ સુંવાળો.

ટીડો ભાડાં કરે ને પેટ ભરે. વળાથી ધોળા જાય, વળાથી ચોગઠ જાય, વળાથી કાનપુર જાય;

ધરથી = પહેલેથી.

વળાથી પછેગામ જાય. એમ આજુબાજુનાં ગામડાંમાં જાય. સવારે જાય ને સાંજે ફેરી કરી પાછો આવે.

ચાર વાગે ને હરણ્યું આથમે. ટીડો ખોંખારો ખાતો ખાતો ઊઠે ને બળદને નીરણ કરે; સારી પેઠે ધરવે.

ટીડો ઊઠે ત્યાં ઉકડિયાની મા યે ઊઠે. ઉકડિયો ટીડાનો છોકરો. બે રોટલા નાખે ને અથાણું કાઢે.

પાંચના ટકોરા પડે ને ટીડો બળદને ધરમાં નાખે, ભાતું એકામાં નાખે ને ઉકડિયાની માને કહેશે : " એ....જાઉં છું. " ઉકડિયાની મા કહેશે : " હો. " ને એકો ઊપડે.

એકો પાદરમાં આવે ત્યાં બેસારુ વાટ જોતા હોય.

બેસારુ બેસી જાય ને એકો ચાલે. લોઢાના પાટાવાળાં પૈડાં. કમાન વિનાનો એકો ને રોદા-વાળી સડક. એમાં એકો તે કેવોક ચાલે !

ધીરે ધીરે ગાડું ગબડ્યે જાય. ઘડીકમાં પૈડું ધાચમાં પડે ને બેસનારનું ઢીંઢું ધડ દઈને ભાંગે; ઘડીકમાં રોદા આવે ને બેસારુ ઊંચો થઈ

હરણ્યું = મૃગશીર્ષ નક્ષત્ર.

હબલાય !

ધીરે ધીરે એકો ચાલ્યો જાય. રસ્તાની ધૂળ ઊડતી જાય ને એકામાં ભરાતી જાય. વારેવારે ખંખેરો તો યે સરખું, ને ઠેઠ ધોળે જઈને ખંખેરો તો યે સરખું; ધૂળ તો ઊડ્યા જ કરવાની.

ટીડો ગાતો ગાતો હાંકે. સવારના પ્રાગડ-વાશામાં મીઠાં એવાં પરભાતિયાં ગાય; વાટમાં વાતો પણ કરે.

સવાર પડતી જાય; સૂરજ ભગવાન દેખાઉં દેખાઉં થઈ રહ્યા હોય; હળુ હળુ ટાઢો પવન વાતો હોય; લીમડાના કોરની વાસ આવતી હોય ને રસ્તાની ધૂળ ઠંડી ઠંડી હોય; ઝાડપાન હલતાં હોય; ડાળ ઉપર ચકલી–કાબર ચીં ચીં કરતાં હોય. તે વખતે નરસિંહ મહેતાની વેલ જેવા ટીડા-ના એકામાં તે કોણ બેસે ? છોકરાં પણ કહે : "બે ઘડી અમને ય ઉતારો ને ?" બેસીબેસીને પગ અક્કડાઈ ગયા હોય તે કેમે કરીને એકામાંથી નીકળાય નહિ. પણ ઊતર્યા પછી તો ચાલવાની એવી મજા આવે કે ચાલ્યા જ કરીએ. ચાલવા માંડ્યાં એટલે તો એકો વાંસે રહી જાય, આપણે

મોઢા આગળ થઈ જઈએ. ક્યાંના ક્યાંઈ આગળ નીકળી જઈએ.

રસ્તે આવળ, બાવળ ને બોરડી આવે. આંવળે ફૂલ, બાવળે પરડા ને બોરડીએ બોર. નાનાં છોકરાં બોર મૂકી કાંઈ ફૂલ લેવા જાય ? ચણીબોર જોઈને મોટાંનું ય મન લોભાય.

"એકો હજી વાંસે છે. આવશે એટલે બેસી જઈશું. હમણાં તો બોર ખાવ !" ત્યાં આઘેથી ટીડાનો એકો કળાય. એકો એક જ ગતિએ ચાલ્યો આવે; ન ધીમો કે ન ઉતાવળો; નહિ ધરાળ કે નહિ ઉલાળ.

ટીડો કહેશે : "એ હવે એકામાં બેસી જાવ. એકો ખાલી આવે છે." સૌ બેસી જાય.

એકો આગળ ચાલે ને ચાલતાં ચાલતાં ઉમરાળા આવે.

રૂપાળી નદી વહી જાય. મોટો બધો પટ, પણ પોણો ભાગ રેતીનો ભરેલો. ટીડો કહે : "બાપુ ! સૌ હેઠા ઊતરજો. જરા એકો હળવો

કળાય = દેખાય.

થાય." ઠણુક ઠણુક કરતો એકો નદી પાર ચાલ્યો જાય.

હાથમાં જોડા, કાખમાં છોકરાં ને બેસારુ નદી ઊતરે. છોકરાં કાંઈ સખણાં રહે ? એ તો નદીમાં દોડાદોડ કરવા માંડે. પાણી ઉડાડે, પાણી પીએ ને ઠીકરાં ફેંકે. તડકા થાય એટલે સૌ પાછા એકામાં બેસે. એકો ચાલ્યો જાય; ધૂળ ઊડતી જાય; ધામ થતો જાય.

"એ....પણે ધોળા દેખાય! એ....ઓલ્યું જીનનું ભૂંગળું ! એ....ઓલ્યું સ્ટેશન ! એ.... ગાડીની સીટી સંભળાય !"

"ટીડા ! ગાડી આવી તો નથી ગઈ ના ?"

"ના રે ! હજી વાર છે. આ તો ભારખાનાનો પાવો વાગ્યો."

ધોળા આવે; બેસારુ ઊતરી જાય. ટીડો એકો છોડી નાખે. બળદને પોરા આપે; નીરણ કરે ને પાણી પાય. ટીડો એકાને છાંયે બેસે ને ભાતું ખાય: રોટલો ને મરચું. કકડીને ભૂખ લાગે પછી કાંઈ મીઠાં લાગે ! પાણી પી ટીડો એકામાં પેસી આડે પડખે થાય.

બપોરે લોકલનો પાવો થાય. ટીડો બળદને ઘરમાં નાખે. પૈડાં તપાસી લે. ધરીમાં તેલ ઊંજે. લોકલના બેસારુ લે ને વળા ભણી ચાલી નીકળે.

એકો ચાલ્યો જાય, ચાલ્યો જાય તે ચાલ્યો જ જાય. પાંચ ગાઉએ વળા આવે.

રાત પડી જાય; ઉતારુ ઘેર જાય, ટીડો ઘેર આવે. બળદ છોડી હાશ કરી હેઠો બેસે; વાળુ કરે ને ઊંઘી જાય.

ટીડો દિ' બધો ચલમ પીધા કરે.

ટીડો રાત આખી ખોં ખોં કર્યા કરે.

## ગગો કુરો

ગગો કુરો કોણ હશે? નામ તો જાપાની જેવું લાગે છે. પણ એ તો વાણિયો હતો. અમારા જ ગામનો વાણિયો. મેં એને સગી આંખે જોયેલો. એને હાટેથી મેં રેવડી ને શીંગો લીધેલી.

ગગો કુરો ઘરડો હતો. એને એક હાટડી હતી. એમાં એ બેસે. દાળિયા વેચે, મમરા વેચે, ઘાસતેલ વેચે, ગોળ અને તેલ પણ વેચે. હોળીએ હારડા ને ખજૂર વેચે; દિવાળીએ લવિંગિયાનાં પડ વેચે.

નાની એની હાટડી; નાનો એનો વેપાર; નાનાં નાનાં ઘરાક. મોટો વેપારી મોટી બજારે; નાનો વેપારી હાટડીએ.

પાઈ લઈને જટો આવે. "કુરા દાદા! અરધી પાઈના મમરા ને અડધી પાઈના દાળિયા

આપો. ”

અરધો પૈસો લઈને હીરો આવે. “ ગગા દાદા ! અરધી પાઈની ગોળીઓ ને એક પાઈ પાછી. ”

પૈસો લઈ છગન આવે. “ ફુરા શેઠ ! એક પાઈનું ધાસલેટ પૂરો. અરધી પાઈના આંબલિયા ને અરધો પૈસો પાછો. ”

ગગો ફુરો તાજુડી લે. ડબામાં હાથ નાખે ને રેવડી જોખે. પવાલું લે ને મમરા ભરે. આંબલિયા ને ગોળીઓ ગણીને આપે. “ એક, બે, ત્રણ, ચાર....પચીશ. ”

“ ગગા શેઠ ! એક આંબલિયો ઉપર આપો ને ? ” “ ગગા શેઠ ! એક ગોળી ઉપર આપો ને ? ” ગગો શેઠ એક ગોળી ઉપર આપે; એક આંબલિયો ઉપર આપે.

ગગા દાદાની કેડે ધોતિયું, ડિલ ઉપર એક ખેસ. ગગા દાદા કેડિયુંબેડિયું પહેરે નહિ. દાદાના ધોતિયા ઉપર કંદોરો ને કંદોરા ઉપર કૂંચીનો ઝૂડો. દાદા વાણિયા હતા; કપાળે રૂપાળો કેસરિયો ચાંદલો કરતા.

ફુરા દાદા સવારે હાટડીએ આવે ને હાટડીને પગે લાગે. વખતે ચોખા પણ મૂકે. મનમાં માને કે આજે વેપાર સારો થશે.

ગગા દાદા પોતે જ હાટડી વાળે. બધું સમુંનમું કરે, ઊંચુંનીચું મૂકે ને હાશ કરીને રાહ જોતા બેસે.

ત્યાં તો કો'ક આવે ને વેપાર ચાલે. બપોરે દાદા જમવા જાય. બે ઘડી આડે પડખે થતા આવે. બે વાગે હાટડી ઉઘાડે.

હાટડી પાસે પીંપળો હતો. પીંપળે મોર ને ચકલાં બેસે. ગગો દાદો ટહુકા ને ચીં ચીં સાંભળે ને એકબે ઝોકાં આર મારે.

રાત પડે વાળુ વેળા થાય. નાના મોટા ઘરાક બંધ થાય. ગગા દાદા હાટડી વધાવે, દીવો વધેરે, ભગવાનનું નામ લે ને ઘેર ભણી જાય.

ગગા દાદા રાતે જઈને ચોપડા લખે. દાદા ભણેલા ઊંઠા સુધી. ઉધાર આપે તો તો ભૂલ્યા સમજો. 'રાતે સાડલે રાંડ ને પાશેર લઈ ગઈ ખાંડ' એવું એવું નામું દાદા લખે. ઈ દાદા

સમુંનમું = ઠીકઠાક.

ઉકેલે, ને વખતે એનાથી ય ન ઊકલે. દાદાનું લખાણ 'ચખપલબ' એટલે 'ચોખા પાલી બે.'

પણ ગગા દાદા ભલા હતા. નાનાં છોકરાંને ગમતા. ઉપર આપે એટલે તો વધારે ગમતા. આપતાં આપતાં જરા યે ઉતાવળા ન થાય. ખિજાય નહિ જ !

દાદા થોડું કમાય ને બહુ ન ખરચે. દિ' બધો કામ કરે ને રાતે નિરાંતે ઊંઘે.

ગગા ફુરા અમારા ગામના વાણિયા. અમારી જ પાસે રહેતા. સગી આંખે ભાળેલા. સાવ સાચી વાત.

# રૂડી કોળણ

રૂડી કોળણને આખું ગામ ઓળખે. નાનાં છોકરાં યે ઓળખે ને ડોસાંડગરાં યે ઓળખે.

રૂડી કોળણ બોરડી રાખે ને સૂંડલો ભરી બોર લઈને નીકળે.

"લેવાં છે કોઈને મીઠાં બોરાં,
સાકરિયાં બોરાં;
લેવાં છે કોઈને મીઠાં બોરાં."

નાનાં છોકરાં કોઠીમાંથી જારબાજરી લઈ બોર લેવા દોડે.

રૂડી કહેશે: "એલા ખોરી જારનાં નહિ આપું. ઘઉં લાવ્ય ઘઉં; ઘઉંના સવાયાં આપીશ."

છોકરાં રૂડી ફરતાં વીંટાઈ વળે.

મણકી કહેશે: "રૂડીબેન! બે બોર ઉપર આપો." ને લખડો કહેશે: "રૂડીબેન! આ બોર

બદલાવી આપો."

રૂડી સાને રાજી કરે.

* * *

પીલુટાણું આવે ને સૂંડલો ભરી રૂડી પીલુ વેચવા નીકળે.

"હાલજો પીલુડાં લેવા"

ધડાધડ છોકરાં પીલુડાં લેવા આવે ને ઘડીકમાં તો પીલુનો સૂંડલો અરધો થઈ જાય.

તે થાય જ ને?

રૂડી કાંઈ ભાઠાનાં પીલુ ન લાવે; એ તો છોકરાંને તીખાં લાગે. રૂડી જાળના પીલુ લાવે. સાવ ઝીણાં ઝીણાં, ને ગુલાબી ગુલાબી: એકે ઠળિયો ન મળે ને બુકડે બુકડે ખવાય. એવાં ખાધે આંખો ય ન આવે.

* * *

ચોમાસે રૂડી ચીભડાં વેચવા આવે.

"લેજો સાકરિયાં ચીભડાં,
મીઠાં ચીભડાં;
લેજો સાકરિયાં ચીભડાં."

સૂંડલો ભરીને ચીભડાં લાવે. ખટુમરાં ને

મીઠાં.

વળી પાછાં છોકરાં જાર લઈને દોડે.

" રૂડીબેન ! ચીભડું કડવું ન આવે હો ! "

" એલા શાખ્ય, મારા વાડામાં એકે ય ચીભડું કડવું ન હોય. "

રૂડી પંવાલે ભરી પીલું ને બોર વેચે, ને તોળી તોળીને ચીભડાં વેચે. જારનાં ભારોભાર, બાજરાનાં સવાયાં ને ઘઉંનાં દોઢાં.

રૂડી કહેશે : " આ તો ધરાતો જ નથી. આ વેંત એક તો નમાવ્યું છે; સાવ ભોંયે તો અડે છે ! "

* * *

રૂડી જાંબુ વેચવા આવે. ટોપલો ભરીને લાવે. ખારેક જેવડાં મોટાં, મજાનાં.

સાદ પાડે ત્યાં લખો કહે : " બાડી ! દાણા આપ ને ? મારે જાંબુ લેવાં છે. "

પૂની કહેશે : " એ માડી ! રૂડી જાંબુ લાવી છે. ઓલી કોઠીમાંથી ઘઉં લઉં ને ? "

કંકુમા કહેશે : " એ છોકરાંવ, આ રૂડીનો સાદ સંભળાતો લાગે છે. જાવ, જોઈ આવો

જોઈએ, શું લાવી છે?"

રૂડી ફરતાં છોકરાં માય નહિ. "રૂડીબેન! અમને પહેલાં, અમને પહેલાં!"

રૂડી કહેશે: "મારે તો બે જ હાથ છે. બધાં બેસી જાવ. વારા ફરતી આપીશ."

રૂડી ગામની કોળણ હતી. નાનાં મોટાં સૌ એને ઓળખે. એમાં ય નાનાં છોકરાં તો ખાસ ઓળખે!

# પ્રાગો ખોખરી

પ્રાગો ખોખરી અમારી નાતનો બ્રાહ્મણ. બિચારો પાંસઠ વરસનો ડોસો. આંખ આંધળો ને પગે પાંગળો. કોઈ દોરે ત્યારે ઠીંગતો ઠીંગતો માંડ માંડ જાય.

પ્રાગા ખોખરીનું મૂળ નામ તો પ્રાગજી, પણ નાતમાં એ મોટા એટલે કંઈક માનથી બોલાવવા જોઈએ ના? કોઈ એને પ્રાગા કાકા કહે; કોઈ કહેશે પ્રાગા ભાભા. પણ મોટે ભાગે એને બધા પ્રાગો ખોખરી એ નામે ઓળખે. ગામમાં બીજા પ્રાગજી ખરા, પણ આ તો ખોખરીના રે'વાશી એટલે એ પ્રાગો ખોખરી કહેવાય.

પણ પ્રાગો ખોખરી ડાહ્યું માણસ. પાંચમાં પુછાય એવો. નાનાં છોકરાંને ઝાડા થાય તો કહેશે: "પૂછો પ્રાગા ખોખરીને." કો'કને કંઈક વઢવાડ

થઈ હોય તો કે'શે: "ચાલો પ્રાગા ભાભા પાસે. એ કજિયો પતાવશે." કો'કને ગામ જવું હોય તો પ્રાગા ભાભાને પૂછે: "ભાભા! આજે મૂરત છે કે?" ભાભા જોશમાં તો ઊંઠા સુધીનું જાણે, પણ કોઠાના અનુભવી. વખત જોઈને ને વાણી જાણીને કહે: "બાપુ કાલે જજો. આજે અવજોગ છે!"

પ્રાગો ખોખરી વારતાઓ ભારે જાણે. એમા એમ નહિ કે મોટા રીઝે એવી જ વાતો જાણે: નાનાં છોકરાંને સમજાય એવી વાતો યે કહે, ને મોટાને પણ સાંભળતાં સાંભળતાં ઊઠીને ઊભા થવું ગમે નહિ એવી યે વાતો કહે. બેક જૂનું માણસ એટલે આગલી પાછલી વાતો પણ બહુ જાણે. ઇતિહાસની વાતો તો કોઈ પાર નહિ એટલી હૈયે. પ્રાગો ખોખરી એમ તો જૂનું નાણું!

પ્રાગો ખોખરી જબરું માણસ. વાતો કરવે હોશિયાર, એમ ખાવે પણ હોશિયાર. પાંસઠ વરસે પાંચ સાત લાડવાનું તો જાણે ચટણી-અથાણું! દસેક લાડવા ખવાય ત્યારે ખોખરીને થાય કે હવે કંઈક ઠીક. જજમાન વરગમાં પ્રાગા

ખોખરીને સૌ બરાબર જાણે. કે'શે "આ ભામણ બીજો છે. એકલો ત્રણ જણને પૂગશે. એલા અગાઉથી લાડુનો લોટ વધારે નાખજો, નીકર ધર્યા રે'શો !"

પ્રાગો ખોખરી પ્રભુનું માણસ ખરું. ખોટું બોલવું પ્રાગા ભાભાને માથાનો ઘા. ચોરીચાડીમાં કોઈ દિ' પ્રાગા ભાભાનું નામ ન હોય. પ્રાગા ભાભા રોજ વે'લા ઊઠે. નહાય-ધોવે, દેવસેવા કરે ને માળા ફેરવે. સાંજે ય હાથપગ ધોઈ, માળા લઈ ભગવાનનું નામ લે.

પ્રાગા ભાભા હજી એ બેઠા. બેડી થડી છે, ઊંચું કપાળ છે, વળેલું લાંબું નાક છે. ભાભાએ હમણાં તો દાઢી રાખી છે. ધોળી રૂના પોલ જેવી દાઢી કાંઈ રૂપાળી લાગે છે ! ભાભાને જોવા હોય તો કાં તો એને ઘેર સવારે આઠ વાગે જવું; ભાભો પાઠપૂજા કરતા હશે: કાં તો બાર ઉપર એક વાગે જવું; ખાઈપીને ! હોઈયાં, કરતા બેઠા હશે. કાં તો રાતે વાળુ પછી જવું; ઓશરીની કોરે બેસી માળા ફેરવતા હશે.

# રતનો ભગત

રતનો ભગત જાતનો સોની પણ કોઈ દિ' એણે સોનું નહિ ચોરેલું. કહેશ : "ભાઈ, એ આપણું કામ નહિ. સાટે માગી મંજૂરી લઈ એ પણ કો'કનું સોનું ખાવું એ આપણે હરામ!"

રતનો સોની વહેલી સવારે ઊઠે, પરભાતિયાં ગાય ને નાહી ધોઈને પૂજાપાઠ કરીને હાટડી ઉઘાડે. સવારથી તે બપોર સુધી ટપ ટપ ઘાટ ઘડ્યા કરે. બપોરે કહ્યું હોય તો સાંજ ન થાય, ને કહ્યું હોય કે 'સાંજે આપશું.' તો સાંજનું વહાણું ન થાય. રતનો ભગત બોલ્યું પળે.

ઘરાકનો પાર નહિ. એમ જ હોય ને ? એક પાઈનું ય સોનું રતનો ચોરતો હોય તો ને ? ઘરાક પાસે બેસે તો યે ઠીક, ને ન બેસે તો યે ઠીક. રતનો કહેશે : "મારે તો ભગવાન માથે

રાખીને કરવું છે ના ?"

બપોર થાય. રતનો સોની રોટલા ખાવા જાય. બે ઘડીએ બેસે નહિ. એ કહેશે : "જે પરસેવો ઊતર્યો એ સારો. ચોરી કરીને કમાવું હોય તો બે કલાક કામ ને બાર કલાક આરામ; નીકર તો બારે કલાક મહેનત કરવી જ જોવે ના ?"

અમસ્તી યે રતના સોનીની સુંવાળપ ભારે. કો'કને કડલાં પહેરવાં હોય ને ચડતાં ન હોય તો કહેશે : "ચાલો રતના ભગત પાસે." ટીબકી તૂટી ગઈ હોય કે ફૂલનો દાંડલો વળી ગયો હોય તો આવે રતના કાકાને ત્યાં. કહેશે : "રતના કાકા ! આ જરા સમું કરી દેજો." રતના કાકાને કાંઈ ના પાડવી છે ? નાની વાતમાં પૈસા ય કોણ લે ? રતના કાકા કહેશે : "સોનીનો ધંધો કરીએ છીએ તે ભલા ઓળખીતા પાળખીતાને એટલો તો લાભ હોય ને !"

સાંજ પડે. રતનો સોની દુકાન વધાવી લે. ઘરે જઈ વાળુ કરે ને આસ્તેથી ભજન ગાવા બેસે. એકતારો લે ને નિરાંતે લલકારે.

રામો પંડ્યો આવે ને કહેશે : "કાં રતના

ભગત ! આજ તો વહેલા નવરા થયા ? ”

“ભાઈ! આપણે બીજું શું કામ? પેટ સારુ આખો દિ’ ગાળ્યો; હવે બે ઘડી ભગવાનનું નામ લઈએ.”

દેવો મેરાઈ આવે, શામો મહેતો આવે, ઘેલા શેઠ આવે, બધા ભગત હોય એ રતના સોનીને ત્યાં આવે. મંજીરાં ને તંબૂરો બાર ઉપર બે વાગ્યા સુધી વાગે.

શેરી કહેશે: “કાંઈ રતનો સોની છે! ભાઈ ભગવાનનું માણસ!”

અડધી રાત ભાંગે ને રતનો કહે: “બાપુ રામરામ. કાલ વહેલા આવજો.”

લાખો વાળંદ કહેશે: “રતના ભગત! રજા લઈએ.”

ભગત કહેશે: “બાપુ રામરામ; કાલે આવજો હો કે!”

તંબૂરો ખીલીએ ટાંગે, ભગવાનનું નામ બોલે ને રતનો સૂઈ જાય.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... | સેટના ... | ૯-૭૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... | ,, ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... | ,, ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... | ,, ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | ,, ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | ,, ... | ૨૩-૫૦ |

| | | | |
|---|---|---|---|
| કિશોર કથાઓ ૧-૨ | ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો | ૨-૫૦ |
| રખડુ ટોળી ... | ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... | (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... | સેટના ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... | ,, ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, ... | ૫-૫૦ |

| | | | |
|---|---|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭-૫૦ | ભાગવતકથાઓ | ૩-૦૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| સાગરસમ્રાટ ... | ૩-૦૦ | પાતાળ પ્રવેશ ... | ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૪-૫૦ | ખજાનાની શોધમાં | ૨-૫૦ |

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૩-૫૦ |
| સાહસકથાઓ ( ૩૧ પુસ્તકો ) ... ... | ,, | ૭૧-૨૫ |

**આર. આર. શેઠની કંપની** મુંબઈ-૨ અમદાવાદ-૧

કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ